ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૮-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### મનપાના નિર્ણયને આવકાર

વિશ્વનાં હરિયાળાં નગરોમાં અગ્ર સ્થાને મુકાતું ગુજરાતનું પાટનગર દિનપ્રતિદિન વધુ ને વધુ ગંદું-ગોબરું બની રહ્યું હોવાનો અહેસાસ નગરજનો તો વરસોવરસ અનુભવતા રહ્યા છે, પરંતુ મહાનગરપાલિકાને પણ હવે એની દુર્ગંધ અસહ્ય લાગવા માંડી તે ઊજળા ભવિષ્યની નિશાની છે. ગાંધીનગરના જાહેર માર્ગો જેટલા રૂડારૂપાળા છે એટલા જ એના સેક્ટરોની અંદરનાં રસ્તા ગંદા છે. બીજાની વાત કયાં કરવી? વીઆઇપી સેક્ટર તરીકે ઓળખાતા સેક્ટર-૧૯માં જ એક વાર આંટો દઇ જાવ તો આ વાતની પ્રતીતિ થયા વિના નહીં રહે. માજી મુખ્યમંત્રી કેશુભાઇ પટેલ અને માધવસિંહ સોલંકીના નિવાસસ્થાનથી રાશવા છેટે મૂકેલ કચરાપેટીનો ગંદવાડ અને એંઠવાડ શ્રાવણ મહિનામાં પવિત્ર ગૌમાતાઓ આરોગતી હોય છે, એ દ્રશ્ય જોઇને હિંદુ હોવાનો ગર્વ લેનાર કોઇ પણ નાગરિકને ઢાંકણીમાં પાણી લઇ ડૂબી મરવાનું જ મન થાય. પરંતુ આ બધું રોજિંદું બની ગયું છે. સચિવાલયની સુરક્ષિત વાડ પાસેની ફૂટપાથ પર શૌચ કરતાં મજૂરોની મજબૂરી જોઇને આપણું રૂંવાડું પણ ફરકયું નથી. આવી સ્થિતિ સમગ્ર પાટનગરમાં પ્રવર્તે છે, બલકે વસ્તીવાળાં સેકટરોની બેહાલી તો ગામડાંની ગંદકીને પણ ટક્કર મારે તે બરની છે. આ બધું મનપાના બાહોશ કાર્યવાહકોની નજરમાં ન આવે તે બને ખરું? આખરે કમિશનર સાહેબે એમની સત્તાની રૂએ ગંદકી ફેલાવનારાઓ સામે દંડનો દંડો ઉગામીને ખરેખર મોડો મોડો પણ એક કરવાજોગ નિર્ણય કરીને આપણા જાહેર આરોગ્યની ચિંતા કરી છે, જે અભિનંદનને પાત્ર છે. લાલ કિલ્લા પરથી સ્વાતંત્ર્ય દિને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સ્વચ્છતા જાળવવાની હાકલ કરી હતી. મહાત્મા ગાંધીની સાર્ધ-શતાબ્દી સુધીમાં તેઓ ભારતની દુનિયાભરમાં ફેલાયેલી ગંદાગોબરા દેશની હલકી છાપ ભૂંસવા કટિબદ્ધ છે. વડાપ્રધાનની જેમ જ આપણા લાડીલા મુખ્યમંત્રીએ પણ 'સ્વચ્છ ગુજરાત'ની ઝુંબેશ ઉપાડી જ છે. ગાંધીનગર સમગ્ર દેશનું સૌથી સ્વચ્છ પાટનગર બની રહે, એવી મંશા રાખતાં આનંદીબહેન પટેલ જરૂર મનપાના નવા આદેશથી રાજી થયાં હશે. ભય વગર પ્રીતિ શક્ય નથી. નાગરિકો એમનો નાગરિક ધર્મ ચૂકતા હોય ત્યારે પ્રશાસકે એમને દંડનો ભય બતાવીને પણ સાચા રસ્તે લાવવા ઘટે. આખરે પ્રશાસન એટલા માટે જ તો રચાયું છે. પ્રજાને સુવિધાઓ આપવી અને અસુવિધાઓનો ઇલાજ શોધવો એ સ્થાનિક સ્વરાજની સંસ્થાનો રાજધર્મ છે. ગાંધીનગર એ મિનિ ગુજરાત છે. અહીં રાજયના દરેક વિસ્તારમાંથી આવેલા નાગરિકો વસવાટ કરી રહ્યા છે. પ્રદૂષણ મુક્ત નગર તરીકે એ સુખિયાં લોકોનું સ્વર્ગ ગણાય છે, તો વળી પેટનો ખાડો પૂરવા, રોજેરોજ મજૂરી કરનારા શોષિતો-વંચિતો પણ વધુ સારી જિંદગીની અપેક્ષા સાથે દૂર દૂરથી અહીં ખેંચાઇ આવે છે. રાજસ્થાનનાં કેટલાંયે કુટુંબો અહીં લોકોનાં ઘરકામ કરીને પેટિયું રળે છે. આ બધાને માટે સુવિધાયુક્ત શૌચાલયોનો ગાંધીનગરમાં ભારે દુકાળ પ્રવર્તે છે. બીજી તરફ કહેવાતા ભદ્ર વર્ગના લોકો પણ કચરો જાહેર રસ્તા પર અથવા સેકટરોની પગદંડીઓ પર કે પછી નક્કી કરેલા ખુલ્લા પ્લોટનાં ખૂણે ઠાલવી નગરની શોભા અને નગરજનોના સ્વાસ્થ્ય સાથે અજાણતાં જ ચેડાં કરી રહ્યા છે. આ બધાની સામે દંડનો દંડો ઉગામી એમને વિવિધ ગુનાસર વિવિધ પ્રકારની આર્થિક સજા ફટકારવાનો પરિપત્ર જરૂર આવકારદાયક છે. પ્રશ્ન એટલો જ રહે છે કે શું એનો યોગ્ય સમયે યોગ્ય અમલ થશે ખરો? મનપાનું વહીવટીતંત્ર કેટલું બેદરકાર છે એનો અનુભવ તો નાગરિકોએ હમણાં જ કરી લીધો છે : અનેક રહેવાસીઓએ ઘરવેરો વેળાસર ભરી દીધો હોવા છતાં મનપાએ એમને નોટિસો પાઠવીને એની વાસ્તવિક કાબેલિયતનો પરચો પાઠવી દીધો છે! શું મ્યુનિસિપલ કમિશનરનો પરિપત્ર પણ પોથીમાંનાં રીંગણાં સાબિત થશે? એનાં તો હવે નીવડ્યે વખાણ!




સેક્ટર-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલયમાં ૬૮માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અને જન્માષ્ટમીનો મટકી ફોડ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. બન્ને કાર્યક્રમને વિદ્યાર્થીઓએ રસપૂર્વક માણ્યો હતો.

### બાશ્રી વસંત કુંવરબા શાળાના બાળકોએ પોસ્ટ ઓફિસની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૨૮માં આવેલ બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની પોસ્ટ ઓફિસની શૈક્ષણિક મુલાકાત યોજવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ પોસ્ટ ઓફિસની કામગીરી નિહાળી હતી અને પોસ્ટકાર્ડ, અંતરદેશીકાર્ડ, રેવન્યુ સ્ટેમ્પ, ઈ. પોસ્ટ સુવિધા, મની ઓર્ડર, પાર્સલ સેવા મેળવી હતી. પોસ્ટ ઓફિસના કર્મચારીઓએ બાળકોને નાની ઉંમરથી જ નાની બચત કરવા માટેનું સુચન કર્યું હતું.

### સે. ૩-ડી સાઈ મંદિરે મફત ત્રિદિવસીય પ્રાકૃતિક ચિકિત્સા શિબિરનું આયોજન

કંચન સેવા સંસ્થાન ઉદેપુર, કેપીટલ ક્રિએટીવ ક્લબ, શ્રી સાઈકૃપા સેવા ટ્રસ્ટ, પાટનગર, ફ્રેન્ડસ ક્લબ, પેન્શનર્સ સમાજ, સિનિયર સિટીજન ગૃપના સંયુક્ત સહકારથી નિઃશુલ્ક કમરદર્દ અને ઘૂંટણની તકલીફની ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર તા. ૨૧, ૨૨ અને ૨૩ ઓગસ્ટના રોજ સવારે ૯ થી બપોરે ૪.૦૦ વાગ્યા સુધી યોજાશે. શિબિરનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ આજરોજ સવારે ૧૦ થી ૧૨ અને બપોરે ૪ થી સાંજના ૮ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. શિબિર શ્રી સાઈકૃપા સેવા ટ્રસ્ટ, સેક્ટર-૩-ડી ખાતે યોજાશે. વધુ માહિતી ૯૮૦૭૧૦૫૩૯૫ પર સંપર્ક કરવો.

### કોસ કેન્ટ્રી સ્પર્ધામાં સુંદર દેખાવ

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ કોસ કન્ટ્રી સ્પર્ધા બિરપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના યજમાન પદે યોજાઈ હતી. સ્પર્ધામાં સેક્ટર-૭ સ્થિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ રનર્સ અપ રહી હતી. સ્પર્ધામાં મંજુ ચૌધરી, શારદા મિઠાપરા, સીતા ચારેલ, આશા ચૌધરી, રમીલા શાહુ, ગીતા પટેલે ભાગ લીધો હતો. જેમાં સીતા ચારેલ અને આશા ચૌધરીએ બીજો અને ત્રીજો નંબર મેળવ્યો હતો. બન્ને ખેલાડીઓ ઈન્ટરમેન સ્પર્ધામાં ભાગ લેશે. કોલેજની ટીમ રનર્સ અપ રહેતા આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ કોચ વિનોદભાઈ અને ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.




સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર સંસ્કૃત વિભાગ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત સાહિત્ય અકાદમી ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે પ્રાંચીન લિપિઓ : કાર્યશાળા તા. ૧૨-૧૩ ઓગસ્ટ-૨૦૧૪ના રોજ યોજાયો હતો. આ કાર્યશાળામાં રાજ્યભરના સંસ્કૃત વિષયનાં અધ્યાપકો તથા સંશોધન ક્ષેત્રે કાર્યરત વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આચાર્યશ્રી નિયતિ મિસ્ત્રીએ સ્વાગત પ્રવચન કર્યું. આ વર્કશોપના ઉદ્ઘાટન તરીકે હર્ષદભાઈ શાહ કુલપતિશ્રી, બાળ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર તથા વકતાશ્રીઓ, પ્રો. વસંતકુમાર ભટ્ટ (નિયામક, ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) તથા પ્રો. કમલેશકુમાર ચોકસી (પ્રમુખ, ગુજરાત રાજ્ય યુનિવર્સિટીઓ તથા કોલેજો સંસ્કૃત અધ્યાપક મંડળ) તથા ડૉ. ઉત્તમસિંહ (મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા) તથા લિપિઓના તજજ્ઞ પ્રશિક્ષક તરીકે ધર્મેન્દ્ર ભટ્ટ તથા ભારતીબહેન પટેલે પ્રશિક્ષણ કાર્ય કરાવ્યું.

### ટાઉનહોલમાં રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતા યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા તા. ૨૪ ઓગસ્ટ, સવારે ૮.૪૫ વાગે, ટાઉનહોલ, સેકટર-૧૭ ખાતે યોજાશે. પ્રતિયોગિતામાં શહેરની ૨૦ શાળાઓના ૨૦૦ ઉપરાંત બાળકો ભાગ લેશે. ભારત માતાની આરાધના અને રાષ્ટ્ર માટે પ્રાણ ન્યોછાવર કરનાર દેશભક્તોનું સ્મરણ કરવામાં આવશે. ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલી છે. જેના પાસ પ્રમુખ મંત્રી, ખજાનચી, તેમજ સંયોજક પાસેથી રૂપિયા ૬૦ આપી મેળવી લેવાના રહેશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનોને ઉપસ્થિત રહેવા તરૂણ ઠક્કર અને હીના દવેએ જણાવ્યું છે.

### લીટલ જુનિયર સ્કુલમાં સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. શહેરની વનશ્રી ટ્રસ્ટ સંસ્થા દ્વારા લીટલ જુનિયર વર્લ્ડ સ્કુલમાં ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ગાંધીનગર સિવિલ ડિફેન્સના ડિવિઝનલ વોર્ડન અંજના નિમાવતે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સ્કુલના ભુલકાઓએ અલગ અલગ વેશભૂષા ધારણ કરી સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યા હતા. પ્રિન્સિપાલ અંજલીબેન બ્રહ્મભટ્ટ દ્વારા પર્વને અનુરૂપ વકતવ્ય આપવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




ગભરાઇશ નહીં, વહુ આજે ઇન્ડિયન - ફ્લેટ - બ્રેડ બનાવવાની છે એટલે આજે રોટલી બનાવશે...!!



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં યુનિવર્સિટી ઓફ ફલોરિડાનો સર્વોચ્ચ સન્માન અલુમનસ એવોર્ડ કોને આપવામાં આવ્યો હતો ?

➜ **અનિલ રાજવંશી**

૨. ૨૦૧૪માં સિમોન્ડેક પુરસ્કાર માટે કોની પસંદગી કરવામાં આવી છે ?

➜ **ડો. સુમિત ચુગ**

૩. ૨૦૧૪માં સ્પેનમાં ભારતીય રાજદૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?

➜ **વિક્રમ મિસ્ત્રી**

૪. ૨૦૧૪માં વિશ્વ મોસમ સંગઠને ભારતના ચેરાપુંજીને કેટલા મિલિમીટર વરસાદ સાથે ૪૮ કલાકમાં સૌથી વધુ વરસાદનો વર્લ્ડ રેકોર્ડ બનાવનારું સ્થળ જાહેર કર્યું છે ?

➜ **૨૪૯૩ મિલિ લીટર. (અંદાજે ૯૯.૭૨ ઇંચ)**

૫. ૨૦૧૪માં દક્ષિણ કોરિયાના કયા વડાપ્રધાને નૌકા દુર્ઘટનાની નૈતિક જવાબદારી સ્વીકારતા પદ પરથી રાજીનામું આપી દીધું હતું ?

➜ **શુંગ હોન્ગ વોન**

૬. ૨૦૧૪માં ઈંગ્લેન્ડનાં પૂર્વ ક્રિકેટર પોલ ફારબ્રેસે કયા દેશની ક્રિકેટ ટીમના મુખ્ય કોચ પદેથી રાજીનામું આપી દીધું હતું ?

➜ **શ્રીલંકા**

૭. ૨૦૧૪માં અમદાવાદ ખાતે કેટલામો નેશનલ બુક ફેર યોજાયો હતો ?

➜ **ત્રીજો**

૮. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો ?

➜ **રાજકોટ**

૯. દેશના કયાં રાજયમાં બિહાર મહોત્સવ યોજાયો હતો ?

➜ **દિલ્હી (રવિન્દ્ર પરિષદ ભવન)**

૧૦. ૨૦૧૪માં કયા દેશની એક અદાલતે ઐતિહાસિક ધાક બેસાડતો ચુકાદો આપતાં એક સાથે કુલ ૬૮૩ લોકોને ફાંસીની સજા ફટકારી હતી ?

➜ **ઇજિપ્ત (મિશ્ર)**

૧૧. વિશ્વના કયા દેશમાં હાલ દુનિયાનું સૌથી મોટું એરપોર્ટ બની રહ્યું છે ?

➜ **ઇસ્તંબુલ (તૂર્કી)**

૧૨. ૨૦૧૪માં કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને જ્ઞાન પૂરું પાડવા કયા નામે મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવ્યું છે ?

➜ **સંદેશ પાઠક**

૧૬. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો ?

➜ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**

૧૪. ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા ધારાસભ્યોની સંખ્યા કેટલી છે ?

➜ **૧૭૩**

૧૫. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ભાજપમાંથી કેટલા ચાલુ ધારાસભ્યો સાંસદ તરીકે ચુંટાઇ આવ્યા હતા ?

➜ **૯**

૧૬. હાલ ગુજરાત વિધાનસભામાં ભાજપ પક્ષના ધારાસભ્યની સંખ્યા કેટલી છે ?

➜ **૧૨૩**

૧૭. ૨૦૧૪માં W.T.A. પોર્ટુગલ ઓપન ટેનિસ મહિલા ડબલ્સનો ખિતાબ કઇ જોડીએ જીત્યો હતો ?

➜ **સાનિયા મિર્ઝા અને કારા બ્લેક**

૧૮. ૨૦૧૪માં મારિયા શારાપોવાએ પોતાની કરિયરનો કેટલો W.T.A. ટૂર ખિતાબ જીત્યો હતો ?

➜ **૩૦**

૧૯. ૨૦૧૪માં પાકિસ્તાનની ક્રિકેટ ટીમનાં મુખ્ય કોચ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

➜ **મોહંમદ અક્રમ**

૨૦. ૨૦૧૪માં ૧૧મી રાષ્ટ્રીય યુવા એક્રેટિક ચેમ્પિયનશીપમાં ૧૧૦ મીટર વિઘ્ન દોડ ૧૪.૨ સેંકડમાં પુરી કરી યુવા વર્ગમાં કોણે નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપ્યો હતો ?

➜ **મેમન પાઉલોજ**

# આપણા જીવનમાં તમામ વિચારો એક જ લક્ષ્ય પરત્વે ગતિ કરે તો જીવનની ઉચ્ચતા પ્રાપ્ત થાય

## સંસ્કાર ચિંતન

અનંત ન. વ્યાસ

'રૂચિના વૈચિત્ર્યાદ ઋજુ કુટિલ નાના પથઝુષાં નૃણાંમેકો ગમ્યસ્ત્વમસિ પયસામર્ણવ ઇવ'

'જે જ્ઞાનીજનો પોતાની મતિ અનુસાર ઉપાસનાના વિવિધ માર્ગો અપનાવે છે. તેમાંથી કેટલાકની રૂચિ કુટિલ તથા સરળ હોય છે. અમારા માટે આ પ્રકારની ઉપાસના હિતકારક છે તેવું માનનારા આ લોકો જુદા જુદા પંથોનું અનુસરણ કરે છે. પરંતુ જેમ તમામ નદીઓનું પાણી સાગરમાં મળે છે તેમ તમામ ઉપાસનાનું ગંતવ્ય-સ્થાન પરમતત્ત્વ છે.'

- **'શિવમહિમ્નઃ'**

સ્વામી વિવેકાનંદે શિકાગોની ધર્મ-સભામાં, જે શ્લોકો ઉચ્ચારી, ભારતીય સનાતન ધર્મનો ધ્વજ ફરકાવ્યો તે શ્લોક પુષ્પદત વિરચિત શિવ મહિમ્નમાંથી લેવામાં આવ્યો છે. આ શ્લોકમાં પરમ-તત્ત્વના વિશાળ સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. સનાતન ધર્મ તો વડલો જેવો વિશાળ છે. વડવાની વડવાઇ જેમ વિસ્તરીને થડ બની જાય તેમ નાના નાના પંથો વિસ્તરીને મહાન સંપ્રદાય થઇ ગયા છે. જે લોકો હિન્દુ-ધર્મને ઉપરછલ્લી રીતે જ વિચારે છે અને પુરતાં પ્રમાણમાં સમજી નથી શકતા તેઓ માટે આ વિવિધતાને સમજવી અતિ મુશ્કેલ છે. પૂર્ણ વિચાર-સ્વયંત્રતામાં માનતા આ ધર્મમાં તો નાના-નાના શબ્દો તથા તેમાંથી પ્રાપ્ત થતાં અલગ અલગ અર્થો માટે પણ વિભિન્ન મતો વ્યક્ત થયા છે. અન્ય ધર્મોમાં તો ઇશ્વરના શબ્દો પણ કોઇ પણ પ્રકારની શંકા વ્યક્ત કરવાની પણ મનાઇ છે. ત્યારે હિન્દુ-ધર્મમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણના વચનો પ્રત્યે પણ ક્રિયાત્મક પ્રતિભાવો વ્યક્ત થયા છે આ પરંપરા પણ આજકાલની નથી પરંતુ એ પણ પ્રાચીન છે. વેદના સમયમાં પ્રથમ ત્રયી-વિદ્યા જ અસ્તિત્વમાં હતી. અથર્વવેદનો વેદમાં સમાવેશ ન હતો. વેદ ત્રણ કે ચાર માનવા, તે અંગે પણ વિચારભેદ નોંધાયા છે. લાંબી - ચર્ચા વિચારણા પછી અથર્વવેદને વેદની માન્યતા પ્રાપ્ત થઇ છે. વેદો પછી પરમ-તત્ત્વને સમજાવવા, તેની પ્રાપ્તિના માર્ગ તરીકે ઉપનિષદોનો જ્ઞાન માર્ગ તથા કર્મયોગીનો કર્મનાં સિદ્ધાંતો આવ્યા. કેટલાક દર્શનો તો નિરીશ્વરવાદી હતા. ચર્વાક આવા દર્શનના આચાર્ય હતા છતાં તેઓને પણ ઋષિની માન્યતા મળી છે. જૈન-દર્શન પણ ઇશ્વર તથા ચમત્કારમાં કંઇ માનતું નથી. યોગશાસ્ત્રો શરીરને મહત્ત્વ આપ્યું તો અદ્વૈત સિદ્ધાંતે આત્મતત્વને મહત્ત્વ આપ્યું. સાંખ્યે જ્ઞાન માર્ગ દર્શાવ્યો. સમાજમાં પ્રવૃત્તિવાદી તથા નિવૃત્તિવાદી વિચારસરણીનો સરળ માર્ગ ઉપસ્યો. સ્વામિનારાયણ સંપ્રદાયે ભક્તિમાં શુદ્ધિને સ્થાન આપ્યું તો સામે કાપાલિકો, અઘોરીઓ, તથા બીજમાર્ગીઓ કઠોર-કર્મ કરનારા હતા. એકબાજુ વ્યસન છોડવાની વાત તો કયાંક પૂજામાં પંચ-મકારને સ્થાન-આમ વિવિધ પ્રકારની વિચારધારાઓ આ મહાન ધર્મમાં ઓતપ્રોત છે. આ દરેક માર્ગનું ગંતવ્ય સ્થાન, અંતિમ પ્રાપ્તિ તો પરમ તત્ત્વની ગમે તે સ્વરૂપે. ગમે તે સ્થિતિમાં અને આધુનિક સમયમાં પણ આ વિચાર-સંઘર્ષને અલગતાની પરંપરા ચાલુ છે. દાદા-ભગવાનનો અરૂપ માર્ગ છે. સંતોએ તથા સાચા ભક્તોએ મંદિર છોડી સમાજ-સેવામાં ભગવાન શોધ્યા છે. સત્ય-સાંઇ તથા સાંઇ બાબાને ભગવાનનો અવતાર ગણવા કે કેમ તેની ચર્ચા ચાલે છે. આ બધા સંઘર્ષોનું મૂળ કારણ છે કે હિન્દુ - ધર્મ જીવંત ધર્મ છે. સમય-સમય પર તેમાં નવા નવા ઉન્મેષ આવે છે. નવી વિચારણા આવે છે. પરંપરાગત રૂઢિમાં વ્યાપેલ જડતા ધોવાઇને ધર્મ નવા ઉન્મેષ સાથે વધારે પ્રકાશે છે

આ શ્લોક આપણને માર્ગની વિવિધતા તથા લક્ષ્યની એકતાનું દર્શન કરાવે છે. વ્યક્તિ માર્ગ તો પોતાને અનુકુળ લાગે તે અપનાવે, પણ જો લક્ષ્ય નિશ્ચિત હોય તો જ પહોંચવું શક્ય બને, પરંતુ મોટા ભાગે લોકો પોતાના ધ્યેય પરત્વે ન તો સજાગ છે ન તો નિશ્ચિત, આ માત્ર ધર્મ-ક્ષેત્રને જ લાગુ પડે છે તેય નથી. જીવનના તમામ ક્ષેત્રોમાં ગંતવ્ય સ્થાન પરત્વેની ગતિ જરૂરી છે. જે પદ પર પહોંચવું છે. જે સ્થિતિ પ્રાપ્ત કરવી છે. તે વિષે પ્રથમ મક્કમ નિર્ણય કરવો પછી અભિલાષા સેવવી. આપણા ઘણા યુવાનો ઉચ્ચ શિક્ષણ લેતા. ઘણા યુવાનો સાથેની વાતચીત નિરાશાજનક હતી. માત્ર પાસ થઇ જવાય તો બસ. સરકારી નોકરી પરમ લક્ષ્ય, ઉચ્ચ સંકલ્પ બળનો અભાવ સમાજને પછાત રાખે છે. આપણે હમણાં જ અનુભવ્યું કે એક જ વ્યક્તિના સંકલ્પ બળે કેવું મોટું પરિવર્તન આવ્યું. પરિવર્તનો લાવવા પડે છે. આપોઆપ નથી આવતા. અરવિંદ કહેતા 'માનવી અતિ માનસ તબક્કે જરૂર પહોંચવાનો. પણ તે અતિ ધીમી પ્રક્રિયા છે. તેને ઝડપી બનાવવી તે આપણા હાથમાં છે. જે પરિવર્તન લાવતાં પ્રકૃતિને લાંબો સમય લાગે તે પરિવર્તન માનવીય સહકારમાં થોડા સમયમાં થઇ શકે. પૂજ્ય ગાંધીજી તથા ક્રાન્તીવીરોના માર્ગ અલગ હતા. પરંતુ લક્ષ્ય સમાન હતુંને, જેમ વિવિધ નદીઓ સાગર તરફ જ વહે છે તેમ આપણા જીવનમાં પણ તમામ વિચારો એક જ લક્ષ્ય પરત્વે ગતિ કરે તો જીવનની ઉચ્ચતા પ્રાપ્ત થાય.'